ક્રમાંક:રાપબો/ડી.એલ.એડ./દ્વિતીય વર્ષ/પરીણામ/૨૦૧૯/6289-6456

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા.૦૨/૦૭/૨૦૧૯

જાહેરનામું:

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સને ૨૦૧૮-૧૯ ના વર્ષ દરમિયાન ડી.એલ.એડ. અભ્યાસક્રમની પરીક્ષા અંગેનું જાહેરનામું ક્રમાંક:રાપબો/D.El.Ed./૨૦૧૮-૧૯/૪૬૩૨-૪૭૯૬, તારીખ:૨૦/૧૨/૨૦૧૮ થી બહાર પાડવામાં આવેલ હતું.

ભારતીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવેલ હતી જે અનુસાર ગુજરાત રાજ્યમાં તારીખ:૨૩/૦૪/૨૦૧૯ નાં રોજ મતદાનનું આયોજન કરવામાં આવેલ હતું. ચૂંટણીની આ તારીખ ડી.એલ.એડ. પરીક્ષાનાનાં જાહેર કરેલા કાર્યક્રમમાં આવતી હતી, જેથી ડી.એલ.એડ. અભ્યાક્રમની પરીક્ષાનું સુધારેલું જાહેરનામું ક્રમાંક:રાપબો/D.El.Ed./૨૦૧૯/૫૫૭૨-૫૭૩૬, તારીખ:૧૮/૦૩/૨૦૧૯ થી બહાર પાડવામાં આવેલ હતું. ડી.એલ.એડ. દ્વિતીય વર્ષ પરીક્ષાનું પરિણામ આજ રોજ તા:૦૨/૦૭/૨૦૧૯ એ નીચે મુજબની વિગતે જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | દ્વિતીય વર્ષ નિયમિત | દ્વિતીય વર્ષ પુનરાવર્તિત | ટોટલ |
|---|---|---|---|---|
| ૧ | નોંધાયેલ તાલીમાર્થી | ૩૦૦૭ | ૧૦૭ | ૩૧૧૪ |
| ૨ | હાજર તાલીમાર્થી | ૨૯૯૩ | ૧૦૦ | ૩૦૯૩ |
| ૩ | ગેરહાજર તાલીમાર્થી | ૧૪ | ૦૭ | ૨૧ |
| ૪ | પાસ થયેલ તાલીમાર્થી | ૨૪૨૩ | ૩૩ | ૨૪૫૬ |
| ૫ | ગ્રેસિંગ સાથે પાસ | ૩૫૬ | ૦૦ | ૩૫૬ |
| ૬ | પેન્ડીંગ | ૪૦ | ૦૦ | ૪૦ |
| ૭ | નાપાસ થયેલા તાલીમાર્થી | ૧૭૪ | ૬૭ | ૨૪૧ |
| ૮ | કુલ પાસ | ૨૭૭૯ | ૩૩ | ૨૮૧૨ |
| ૯ | પરિણામની ટકાવારી | ૯૨.૮૫% | ૩૩.૦૦% | ૯૦.૯૧% |

ડી.એલ.એડ. - દ્વિતીય વર્ષ પરીક્ષાના પરીણામ અન્વયે ગુણ ચકાસણી કરાવવા ઈચ્છતા ઉમેદવારોએ નીચેની સુચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે:

1. આ સાથે સામેલ નિયત પત્રકમાં ગુણ ચકાસણીની અરજી કરવાની રહેશે.
2. આ ગુણ ચકાસણી અરજી ઉમેદવાર દીઠ અલગ કરવાની રહેશે.
3. ગુણ ચકાસણી ફી વિષય દીઠ રૂ ૧૦૦ (અંકે રૂપિયા એકસો પુરા) રોકડેથી ભરવાની રહેશે.
4. ડી.એલ.એડ - દ્વિતીય વર્ષની ગુણ ચકાસણીની અરજી ઉમેદવારે તારીખ:૦૬/૦૭/૨૦૧૯ સુધીમાં કોલેજના કાર્યાલયમાં રજુ કરવાની રહેશે.
5. કોલેજોએ ગુણ ચકાસણીનું સંબધિત સાહિત્ય જમા કરાવવાની તારીખ પાછળ થી જણાવવામાં આવશે.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ,
ગાંધીનગર

પ્રતિ,

- આચાર્યશ્રી, ડી.એલ.એડ. કોલેજો (સંબધિત)

નકલ સવિનય રવાના જાણ સારૂ:

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અગત સચિવશ્રી, ગાંધીનગર
- માન. રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.